સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી
વિશ્વ તરફની ઉડાન...

# પંખ

અંક ૨૧ | ઓક્ટોબર ૨૦૧૭

ફૂલ હોવાની ખુમારી બહુ મજાની છે મિત્રો,
દિન ખુદા એવો ન લાવે કે હું પથ્થર લાગુ.
- ‘શૂન્ય’ પાલનપુરી



# અનુક્રમણિકા


| | |
|---|---|
| સંપાદકની કલમે | ૦૨ |
| લવ-ટેંક | ૦૩ |
| લપડાક | ૦૫ |
| લ્યો... લખાઈ ગઈ કવિતા | ૦૭ |
| અસ્પર્શ્ય | ૦૮ |
| વેંત-વાર્તા | ૦૯ |
| રોંગ પ્લેસ એટ ધ રોંગ ટાઇમ | ૧૦ |
| ગુલાબજળ | ૧૩ |
| વિચાર-વંટોળ | ૧૬ |
| પેરિસ્કોપ | ૧૮ |
| Catalyst | ૨૦ |
| ખુલ્લા દ્વાર | ૨૨ |

# સંપાદકની કલમે

યાજ્ઞિક વઘાસિયા



**करीब आने की कोशिश तो मैं करु लेकिन,**
**हमारे बीच कोई फांसला दिखाई तो दे!**
**- मेराज फेजाबादी**

દિવાળીની સીઝન પૂરી થઇ. હું આ લખું છું, ત્યારે ઘણા રજાઓમાં બહાર ફરવા ગયા હશે, અમુક દિવાળીનો થાક ઉતારતા હશે, તો મોટાભાગના નોકરી-ધંધે-સ્કુલે કે કોલેજે જોતરાઈ ગયા હશે.

આપ સૌએ ગયા અઠવાડિયે રીલીઝ થયેલો અમારો 'દીપોત્સવી અંક' માણ્યો. સાથે અમે એક વાત વહેતી કરી છે કે, અમે નવી 'ફૂડ' અને 'ટ્રાવેલ'- કૉલમ શરુ કરવા ઈચ્છીએ છીએ. એ વિષયમાં ઘણા મેઈલ અમને આવે પણ છે. પણ ભલે રાહ જોવી પડે, અમે કોઈક 'સ્ટ્રોંગ' કન્ટેન્ટ અને અલગ કોન્સેપ્ટથી લખનાર લેખકની રાહ જોઈએ છીએ. શું તમે આવું કંઇક લખી શકો એમ છો? તમારા મિત્રોમાંથી કોઈ આવું લખે છે? જો હા, તો ચોક્કસ અમારો કોન્ટેક્ટ કરો.

ચારેબાજુ ચુંટણીનો માહોલ સર્જાયો છે. કોઈક એક પાર્ટી છોડીને બીજી પાર્ટી જોઈન કરી લે છે. ને અમુક લેભાગુઓ સમાજના નામે, જાતિ આધારિત રાજકારણ રમીને લાભ લેવા પ્રયત્નો કરે છે. બધા પોતપોતાના રોટલા શેકવામાં પડ્યા છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચેની લડાઈમાં 'અન્ય' પક્ષને પણ વોટોનો ફાયદો થાય એમ છે. પણ બધા ઉમેદવાર નાલાયક જ હોય અને કોઈ સારો ઉમેદવાર ના મળે તો, વોટીંગ મશીનમાં 'NOTA'નો પણ એક વિકલ્પ હોય છે. 'NOTA' સિલેક્ટ કરીને ઉમેદવારોને એમની ઔકાત બતાવવાનો મોકો ચૂકશો નહી.

સાથે સાથે આ બધી માથાકુટમાંથી ઘડીભર બહાર આવી, માણો અમારા આ અંકને. વાંચીને પ્રતિભાવો ચોક્કસ આપજો હોં. ગમે તો મિત્રો સાથે શેર કરો. ના ગમે તો અમને જણાવો. અમે આવતા અંકમાં ચોક્કસ સુધારો લાવીશું. કેમ કે, હંમેશાની જેમ આપ સૌના સૂચનો સદા આવકાર્ય છે.
હસતા રહો, હસાવતા રહો.

**ટપકું**

**જ્યારે બુદ્ધિ હડતાલ પર ઉતરે છે,**
**ત્યારે જીભ ઓવરટાઈમ કરતી હોય છે.**

# લવ-ટેંક

અનંત ગોહિલ




"અમાસની એ રાત્રે એણે દીવો પ્રજ્વલિત કર્યો, એ દીવામાંથી માત્ર પ્રકાશ નહોતો રેલાતો, એક તેજ પ્રગટ થતું હતું એમાંથી જે સમાજના આ અંધારપટમાં આંધળા લોકોની આંખો આંજી દેવા સક્ષમ હતો."


નવલ અને નવ્યા, એક એવું કપલ જે માત્ર અને માત્ર પ્રેમ કરવા માટે જ સર્જાયું હતું. બન્ને જણા સામાજિક રીતરીવાજોથી પર હતા, એમના માટે પ્રેમ, એકબીજા માટેની સમજણ અને પરસ્પરની લાગણી બસ એટલું જ પુરતું હતું એમનો સંસાર ચલાવવા માટે. હા, મુશ્કેલીઓ તથા લડાઈ-ઝઘડા તો કયા સબંધમાં ના હોય? પણ આ બન્ને પ્રેમીઓ એ બધા જ અવરોધોને વટીને વટભેર ઝીંદગી જીવતા હતા.

બન્ને ઘણા સમયથી એકબીજાના પરિચયમાં હતા, સાથે સમય વિતાવીને તથા ઘણા બધા વિષયોમાં પસંદગીઓ મળવાને કારણે બન્ને નજીક આવ્યા હતા. નવ્યાના પિતાને રેડીમેડ કપડાની દુકાન હતી, જયારે નવલના પિતા કોઈ કંપનીમાં મેનેજરની પોસ્ટ પર હતા. બન્નેના પિતા સ્વભાવે સરળ અને પોતાના છોકરાઓને જરૂરિયાત સાથે ભારોભાર સમજણ પણ આપી હતી, જેથી જયારે એમને ખબર પડી કે એમના પુત્ર અને પુત્રી એકબીજાને પ્રેમ કરે છે અને લગ્ન કરવા માંગે છે ત્યારે એમના છોકરાઓની ખુશીને પોતાની ખુશી માનીને સંપૂર્ણ સહમત થઇ ગયા હતા, અને છ મહિનામાં તો રંગે-ચંગે બન્નેને પરણાવી પણ દીધા હતા.

નવલની કંપની તરફથી એની જોબ પુનામાં સેટ થઇ એ પછી બન્ને પ્રેમી-પંખીડા પુના શિફ્ટ થઇ ગયા હતા. અહિયાં પણ બન્ને વચ્ચે પ્રેમ વધુ ને વધુ પાંગરતો જ રહ્યો, દરરોજ રાત્રે નવલના પપ્પા-મમ્મી સાથે નવ્યા વાત ના કરી લે ત્યાં સુધી નવ્યાને ચેન ના પડે. આ બાજુ નવલ પણ નવ્યાના પપ્પા સાથે વારે-તહેવારે વાત કરવાનું ચૂકતો નહીં. સમય સપનાની માફક વીતતો હતો અને નવલ નવ્યાને રાજકુમારીની જેમ સાચવતો હતો, ઓફિસનું કામ અને ગુસ્સો બન્ને એ ઓફિસમાં જ મુકીને આવતો, ઘરે આવ્યા પછી માત્ર એ નવ્યાનો જ થઇ જતો, રોજ રાત્રે બન્ને પોતાના સપનાનો મહેલ સજાવીને સુતા અને સવારે એ જ સપનાઓને સાચા પાડવા માટે મહેનત કરતા.

એવામાં એક દિવસ નવલ અને એનો મિત્ર બાઈક લઈને ક્યાંકથી આવી રહ્યા હોય છે, બન્ને ખુશ દેખાઈ રહ્યા હોય છે કેમ કે બન્ને એ મળીને પોતાનો સ્વતંત્ર બિઝનેસ શરુ કરવા માટેનું સેટઅપ કરી લીધું હોય છે અને બસ કાલથી જ એ દિશામાં આગળ વધવાનું હોય છે.





એ જેવો ઘરે પહોંચવા આવે છે એવો જ એક ટ્રક ફૂલ સ્પીડથી આવતો હોય છે અને એ બન્ને એની હડફેટે આવે છે અને નવલ તથા તેના સપનાઓ ત્યાંને ત્યાં જ દમ તોડી નાખે છે. નવ્યા આ વસ્તુથી સાવ અજાણ થઈને મનમાં થનગનાટ અનુભવી રહી હોય છે કે ક્યારે નવલ આવે અને એને પોતાના ભીના વાળની સોડમથી મદહોશ કરીને પોતે પ્રેગ્નેન્ટ છે એવી ખુશખબરી આપે, ને જેવી એને નવલના મૃત્યુની ખબર પડે છે કે એવી જ એ પોતાનું ભાન ખોઈ બેસે છે, છેક ત્રણ દિવસે એને હોશ આવે છે અને એને વધુ ધ્રાસકો તો ત્યાં પડે છે જયારે એને ખ્યાલ આવે છે કે નવલનો અંશ જે એનામાં હતો એ દવાની આડઅસરને કારણે નાશ પામ્યો હોય છે. કોઈ આનંદની ચરમસીમાએ હોય અને એને ખેંચીને સીધો દુઃખની ગર્તામાં ધકેલી દેવામાં આવે એવી જ હાલત અત્યારે નવ્યાની હતી, એ સાવ ભાંગી પડી હતી, જાણે કે એનું સમગ્ર અસ્તિત્વ જ છિન્નભિન્ન ના થઇ ગયું હોય!

એ પછી તો એ પુનાવાળું ઘર લોક કરીને નવ્યા નવલના મમ્મી-પપ્પા સાથે રહેવા આવી ગઈ, પણ નવલ વગરની એક પળ કાઢવી પણ એના માટે અસહ્ય હતી, રોજ રાતનો એ અંધકાર અને સ્ટ્રીટ-લાઈટની એ પીળી ઝાંય એના આંસુઓના સાક્ષી હતા, એની આંખોમાં પીડા હતી જે જોઇને કોઈનું પણ હૈયું કંપી જાય. નવ્યાએ નાના બાળકોની એક સ્કુલ પણ જોઈન કરી પણ કોઈ જ વસ્તુ એને શાંતિ નહોતી આપી શકતી. આમને આમ બે વર્ષનો સમય પસાર થઇ ગયો, નવ્યાનો ઘા હજુ પણ એમને એમ જ હતો.

ને એક દિવસ નવ્યાએ નક્કી કરી લીધું કે એ પુના જશે, કોણ જાણે કેમ પણ એનું હૃદય એને પુના જવા મજબુર કરી રહ્યું હતું, પુનાના એ નાનકડા ઘરમાં પ્રેમ પુરાઈને પડ્યો હતો, એના નવલનો એ હદબાર પ્રેમ એને સાદ પાડી રહ્યો હતો, નવું વર્ષ થવાને બે-એક દિવસની વાર હશે ને નવ્યા પુના પહોંચી. આખા ઘરમાં ધૂળ હતી પણ એ ધૂળમાં પણ નવ્યા એ બેડ પર જઈને સુતી જ્યાં એને અને નવલ એ ખુલ્લી આંખે સપના જોયા હતા, ને અચાનક એ ઉભી થઇ એને નિશ્ચય કરી લીધો હતો કે એ હવે અહીં જ રેહશે અને નવલ સાથે જોયેલા બધા જ સપનાઓ પુરા કરશે.

એ દિવસ દિવાળીનો હતો, ઘરના આંગણે એને શુભ-લાભની વચ્ચે નવલ અને નવ્યા લખ્યું, અમાસની એ રાત્રે એણે દીવો પ્રજ્વલિત કર્યો, એ દીવામાંથી માત્ર પ્રકાશ નહોતો રેલાતો, એક તેજ પ્રગટ થતું હતું એમાંથી જે સમાજના આ અંધારપટમાં આંધળા લોકોની આંખો આંજી દેવા સક્ષમ હતો, એનો નિર્ણય અફર હતો કે ભલે આ સમાજ કે અહીના લોકો કંઈ પણ કહે એ અહીં જ રહેશે અને નવલ સાથે જ રહેશે.

એ રાત્રે જયારે એ સુવા ગઈ ત્યારે એને કોઈની હુંફ અનુભવી, એ નિરાંત અનુભવી જે એને માત્ર નવલ સાથે જ અનુભવાતી, દીવાની જ્યોત હવે સ્થિર હતી, નવ્યાની જેમ જ!

**પ્રેમ-અભિષેક**

**પાર કરવાનો છે તોફાની મહાસાગર હવે,**
**ને બચ્યા છે શ્વાસમાં કેવળ અઢી અક્ષર હવે.**
**- રાજેશ વ્યાસ 'મિસ્કીન'**

# લપડાક

મનોરી શાહ



દિવાળી આવી અને જતી પણ રહી. સુખ અને સમૃદ્ધિ માટેનાં ખુબ બધા ફોરવર્ડ મેસેજ અને આશીર્વાદ મળ્યા હશે. આપણે થોડુંક તહેવારો અને એના ખરાં ઉદ્દેશો વિષે સમજવાનો પ્રયત્ન કર્યો હશે અને બાકીનો મોટાભાગનો સમય ખાવામાં, દર વર્ષે મમ્મી કરે છે એટલે કરીને અને સેલ્ફીમાં વિતાવી દીધો હશે. પણ ગુજરાતી તરીકે મને સમૃદ્ધીવાળી વાતમાં રસ ખરો. જયારે વડીલો સમૃદ્ધિના આશીર્વાદ આપે તો એ લોકો શેની વાત કરતા હોય છે? ખુબ પૈસા આવે એની? Not exactly...

એક તો ધનતેરસમાં ભગવાન ધન્વંતરીની આરાધના કરવાની હોય અને ખાસ તો સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ માટેનો એ દિવસ હોય છે. પણ આપણે મોટાભાગે લક્ષ્મીપૂજા જ કરીએ છીએ અને વધુને વધુ પૈસા ભેગા કરવાની હિંમત અને નસીબની માંગણી કરી નાખતા હોઈએ છીએ. તે જ રીતે સમૃદ્ધિનો અર્થ પણ સમજવાની જરૂર છે. હું ભાષાકીય અર્થ વિષે નથી કહેતી. આજની પરિસ્થિતિ મુજબ એની વ્યાખ્યા શું થવી જોઈએ એની આજે કંઇક વાત કરવાનું વિચાર્યું છે મેં. પહેલા એક-બે કેસ વિષે વિચારીએ.

એક પરિવાર છે, જેમાં ખુબ પૈસો છે, બાળકો 'ઇન્ટરનેશનલ' સ્કૂલ્સમાં ભણ્યા છે, ક્લબ અને કિટી-પાર્ટીમાં ભરપુર રસ લેવાય છે. બાળકોને જ્યાં ગમે ત્યાં પૈસા વાપરવાની છૂટ છે, અને એ બાળકો સારી રીતે સમજે છે, વારે-તહેવારે દારૂની મહેફિલ અને હુક્કા કે સિગરેટની મુલાકાત થઇ જાય છે (ઘણા યુવાનો માટે એ સ્ટેટ્સ સિમ્બોલ છે), પણ ઘરમાં વાતચીતનાં વાતાવરણનો અભાવ છે, બાળકોને પોતાના ક્રશ કે પાર્ટનરની વાત કરવામાં ખચકાટ અનુભવે છે, આમ બહારથી જ બધું મોડર્ન અને સુંદર છે. આને 'સમૃદ્ધિ' કહેવી?

બીજો એક મધ્યમવર્ગીય પરિવાર છે, જરૂર જેટલું બધું જ છે, બાળકો સારી જગ્યાએ ભણે છે, ઉડાવી દેવા જેટલા પૈસા નથી પણ ખાવામાં કોઈ રોકટોક નથી, કપડામાં બ્રાંડ કરતાં ક્વોલીટી જોવાય છે, પુસ્તકો ખરીદવામાં બજેટ-લીમીટ એટલી સ્ટ્રીક્ટ નથી હોતી અને રોજ રાત્રે બને ત્યાં સુધી સાથે જમવાનો નિયમ છે. બાળકો છૂટથી પોતાની લાગણીઓ વ્યક્ત કરી શકે છે અને માતા-પિતા પણ જમાના સાથે પોતાને વિકસાવી રહ્યા છે. તો હવે શું આને 'સમૃદ્ધિ' કહેવી?

સામે એક પરિવાર છે જેને બે ટંકનું ભેગું કરવામાં તકલીફ પડે છે, બાળકોને ભણાવા માટે પૈસા નથી અને એનું બાળક પોતાના ફાટેલા ધાબળામાં એક ગલુડિયું સમાવી લે છે. આને 'સમૃદ્ધિ' કહેવાય કે? સમૃદ્ધિ ખાલી તમારી સ્થાવર કે જંગમ મિલકતમાં નથી,











તમારા આચારવિચાર, તમારા ઉછેર, માનસિકતા અને એ બધું મળીને બનતા તમારા સમાજની સ્થિતિમાં છે. સમૃદ્ધિ પૈસા માત્ર નથી, વળી લક્ષ્મી જો અનીતિની હોય તો એનો કોઈ અર્થ નથી. મેં કદાચ બીજા બધા જેટલી કઠિન પરિસ્થિતિ નથી જોઈ, પણ જો સરખું એજ્યુકેશન હોય અને મહેનત કરવાની તૈયારી હોય તો પૈસા કમાવા એકદમ અઘરા પણ નથી, એક Descent life-style જાળવી શકાય છે. ખુબ મહત્વાકાંક્ષી લોકોનો અલગ કેસ છે અને એ લોકો કોઈ ને કોઈ રસ્તા શોધી જ લેતા હોય છે. હા તો, અનીતિનાં પૈસા એ પૈસા છે, લક્ષ્મી નથી. આપણે સૌએ સમૃદ્ધિના વધારે Wholistic અર્થ તરફ ધ્યાન આપવાનું છે.

આપણે વિચારોથી સમૃદ્ધ થવાનું છે; કંઇક નવું શીખતા રહેવાનું છે; પોતાને સમય પ્રમાણે ઢાળતા રહેવાનું છે; સિદ્ધાંતો પર અડગ રહેવાનું છે; આપણાથી ઓછું ધરાવનાર લોકોને મદદ કરવાની છે (મદદ ખાલી પૈસાથી નથી થતી, થોડું જ્ઞાન, થોડો સમય, થોડી હુંફ, અરે એક સ્મિત પણ); દેશને હજી વધારે સારો બનાવાનો છે; બાળકોને ભણાવવાના છે અને ગણાવવાના પણ છે. આપણી આસપાસનાં લોકોને સમૃદ્ધ કરવામાં પુસ્તકો ખુબ મહત્વનો ભાગ ભજવી શકે એમ છે. દરેકે નક્કી કરવું જોઈએ કે કમ સે કમ એક સારું પુસ્તક તો વાંચશે જ અથવા કોઈને ગીફ્ટ આપશે. અને ખબર છે આ બધા માટે પ્રયત્ન કરવામાં સૌથી બેસ્ટ વસ્તુ શું છે? આમાં નસીબની કે ભગવાનનાં આશીર્વાદની રાહ જોવી પડે એમ નથી. ખાલી આપણે એક એક નાનું કદમ ઉઠાવાનું છે, અને એક વખત શરુ કરશોને તો આશીર્વાદ આપોઆપ મળતા જશે.

જયારે સુખી અને સમૃદ્ધ રહેવાની વાત હોય તો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે પણ તો જવાબદાર રહેવું જોઈએ, જીમમાં જવાની કે પાતળા થવાની વાત નથી. પણ અત્યારે જે કંઇક નાનુંમોટું છે જેને સુધારવાની જરૂર છે, એ માટે પ્રયત્ન કરીએ. બહારનું ખાવાનું વધારે છે? તો એને ઘટાડીને સમૃદ્ધ થઈએ. ચાલવાનું ઓછું થાય છે? ચલોને એક નાનો તો નાનો આંટો મારી આવીને રોજબરોજ સમૃદ્ધ થઈએ. દિવસની ચાર દવાઓ લેવી પડે છે? પરેજી પાડીને એકાદ ઓછી કરીને સમૃદ્ધ થઈએ તો? બહુ પૈસા હશે પણ હેલ્થ નહિ હોય તો કોઈ મતલબ નથી, એ મારે કહેવાની કોઈ જરૂર જ નથી.

આ બધા સાથે ખાસ તો માનસિકતામાં સમૃદ્ધિની આપણને સૌને ખુબ જરૂર છે. દીકરીઓ માટે સ્વસ્થ અને સેફ વાતાવરણને લગતી સમૃદ્ધી લાવીએ. દીકરાઓ માટે ડોક્ટર, C.A. કે એન્જીનીયર બનવા સિવાયના ઓપ્શન્સમાં સમૃદ્ધિ લાવીએ. વિજાતીય મૈત્રીનાં જૂનાં, આજનાં સમયમાં સડવા લાગેલા પરિમાણોમાં સમૃદ્ધિ લાવીએ. પોતાને સમજવામાં, સ્વીકારવામાં અને પ્રેમ કરવામાં સમૃદ્ધ થઈએ.

તો ચલો ખાલી આશીર્વાદ ના આપતા સૌને સમૃદ્ધિનો અર્થ સમજાવીએ અને પોતાને,બીજાને અને એ થકી સમાજને સમૃદ્ધ કરવાનો પ્રયત્ન કરીએ. મને ‘સમૃદ્ધિ’ વિષયને આ લેખને લગતાં આપનાં વિચારો જણાવો manorishah@gmail.com પર. આપ સૌને નવા વર્ષની ખુબ ખુબ શુભકામનાઓ.

.

# લ્યો.. લખાઈ ગઈ કવિતા

નિમેષ પરમાર




આંસુ વિનાય આમ તો હરફર કરી શકે,
તારો વિચાર આંખને પથ્થર કરી શકે.
કાલે જ મારી આંખમાં ફૂલો ખીલ્યા હતાં,
તારાં સિવાય કોણ એ અત્તર કરી શકે!?
એકાદ બે બનાવ જે આંખોમાં કેદ છે
એને છૂટા કરીને તું અવસર કરી શકે.
તારી ઉદાસ આંખ મને લૂછતી રહે
મારોય આ રૂમાલ તને તર કરી શકે.
વળગી પડે લીલાશ ફરી સૂકી ડાળને
આંખોમાં એક પીંછું જો ફરફર કરી શકે.

શ્વાસની આરપાર તૂટે છે,
હોંઠનો સૂનકાર તૂટે છે.
કોણ ફેંકે છે મન ઉપર પથ્થર?
રોજ કાચા વિચાર તૂટે છે.
હોંઠ પર સૂરનો દીવો થઈને,
વાંસનો અંધકાર તૂટે છે.
કૈંક ડૂમા પીળી ઉદાસીનાં,
બાંકડે ધોધમાર તૂટે છે.
એક લારીમાં ઠેસથી લથબથ,
થાકનાં બે મિનાર તૂટે છે.

# અસ્પર્શ્ય

મીરા જોશી



**To,**

**હૃદયમાં અકબંધ એક ભાવને..**

ફરી વાર એ ધોધમાર ઉમટી પડ્યો છે, મારા અંતરમનની જેમ જ. પણ આ વખતે કમોસમનો, વણજોઈતો, અકળાવનારો! સંવેદનાનું ઘોડાપૂર પણ ક્યારેક કમોસમી જ હોય છે ને? જયારે આસપાસ ક્યાંય તારા હોવાની સાબિતી નથી હોતી, અને છતાં અદ્રશ્ય એવી એક લાગણીના વરસાદમાં હું ભીંજાતી હોઉં છું!

આજે આવેલા કમોસમી વરસાદે બધું જ નવેસરથી ધોઈ નાખ્યું- મકાનો, વૃક્ષો, બગીચાના હીંચકાઓ... વિચારું છું, ફરી ફરીને આવતો આ વરસાદ ક્યાંક માણસના ઊંડાણમાં ધરબાયેલી, બટકી ગયેલી સંવેદનાને જીવંત કરવા તો નહી આવતો હોય..?


ખેર, વરસાદે મને આજે'ય ભીંજવી દીધી! દરિયા કિનારે રેતી ઉપર તારા નામની સાથે મારા નામનો પહેલો અક્ષર લખવા જાઉં છું, ને એકાએક વરસેલા વાદળી તારા નામને ભેટી પડે છે! ને ક્ષણના ભાગમાં બધું જ રેતીમાં ખોવાઈ જાય છે... મારી આંખોમાં થોડું વિસ્મય, ને પછી થોડો વિષાદ જન્મે છે. એવું પણ નહોતું કે તારું નામ પહેલીવાર લખ્યું હતું, પણ જયારે જયારે લખું છું ત્યારે હૃદયના કોઈક ખૂણે નવો જ રોમાંચ ખીલી ઉઠે છે, આજે પહેલીવાર તારા એ નામ સાથે મારું નામ લખતાં લખતાં..
તું જાણે છે ને, જયારે ગળે ડૂમો ભરાઈ જાય છે, ત્યારે હું શબ્દો અધૂરા છોડી દઉં છું.

ભીના ચપ્પલને હાથમાં પકડી, પલળતાં-પલળતાં, અધૂરા નામને પાછળ છોડીને ઘરની દિશામાં દોરાઉં છું. નામને તો પાછળ છોડી દીધું, પણ એ સંબંધને, યાદોને કે એ સમયના ટૂકડાને કઈ રીતે પાછળ છોડું?

આપણી વચ્ચેનું એ આંખોનું સ્મિત, એક ગમતી ઓળખાણ એકાએક સમયના અતીતમાં તૂટી પડી. ખરેખર તો આવી રહેલા ભવિષ્યએ એક સંબંધ ઉપર એકાએક પડદો પાડી દીધો હતો, છતાં આજે વનપ્રવેશમાં પગ માંડતા મારા જીવનમાં તારી યાદોનું હોવું જ એ નવા શ્વાસ જેવું લાગે છે.

નિઃસ્તબ્ધ ઘરના શાંત અંધારામાં દિપાવલીના દીપનો પીળો પ્રકાશ ઘરનાં ઉંબરને અજવાળે છે, મને આભાસ થાય છે, જાણે દરવાજા પર તારી છાયા છે. વર્ષોથી ના જોયેલું એ સ્મિત મને એ આછા પ્રકાશમાં દેખાય છે તો ક્યારેક આરામ ખૂરશીમાં ઝૂલતી હોઉં ત્યારે એક પડછાયો ચુપચાપ આવીને મારી બાજુમાં ઉભો રહી જાય છે, એ પડછાયાનો સ્પર્શ કરવા જાઉં છે ને પળમાં એ હવામાં વિલીન થઈ જાય છે. ફરી એ જ નિઃસ્તબ્ધ, ખાલી ઘરની નિરવતાને હું ભેટી પડું છું.

મારા ઘરનો આ ખૂણો, જ્યાંથી તારા નામે ને સંવેદનાના સરનામેં મેં કેટલાયે પત્રો લખ્યા એ ખૂણામાં 'પ્રેમ' પાંગરે છે, સંવેદનાઓ ધબકે છે, જેને હું આપણું ઘર, આપણી નાની દુનિયા માનું છું, તારું ને મારું સાથે જોયેલું એક સપનું અહીં આકાર લઈ રહ્યું છે!



**તું આવીશ એ જ આશમાં,**
**ધબકતી એક સંવેદના!**

# વેંત-વાર્તા

યાજ્ઞિક વઘાસિયા



“તમે જેમને વર્ષોથી પ્રેમ કરો છો અને જેમની સાથે લગ્ન કરવાના છો, એ ચિંતન સારો છોકરો નથી. એનું એક બીજી જગ્યાએ પણ અફેઈર છે. લી. આપનો શુભચિંતક.”


આરોહીએ આ પત્ર વાંચ્યો. આ ટાઈપનો એને ચોથી વાર પત્ર મળ્યો હતો.

“શું કરું?! ચિંતનને વાત કરું? ના ના. સાચે જ એ લેટરવાળી વાત સાચી હશે તો, એ એલર્ટ થઇ જશે અને મને ગમે એમ ફોસલાવી દેશે.”

ચિંતનની જાસુસી કરવા માટે એણે એક માણસને રોક્યો.

થોડા દિવસ પછી ચિંતને એને મળવા બોલાવી ને એક લેટર પકડાવ્યો.

“આખરે વિશ્વાસ જ બધું છે. મારો એક માણસ પણ તારા જાસુસની પાછળ હતો. લી. આપનો શુભચિંતક.”





# રોંગ પ્લેસ એટ ધ રોંગ ટાઇમ

નિકેતા વ્યાસ



પ્રેમીલાબહેન ખુશીની ચમક ચહેરે પાથરીને સંસ્થાના પ્રાંગણમાં કુણા શિયાળુ તડકાને માણતાં હતાં. ૧૫ વર્ષથી તેઓ કુશળતાથી ‘આરંભક’ સંસ્થાનું સંચાલન કરતાં હતાં. પ્રેમીલાબહેનના સુખી દાંપત્યના બીજા છેડા સમા કિશોરભાઈએ સંસ્થાનો પાયો નાખ્યો હતો. કુશળ અને વિચક્ષણ બીઝનેસમેન કિશોરભાઈનું ધ્યાન ગ્રુહસ્થીમાં પણ બરાબર હતું. નોકર ચાકરના કાફલા વચ્ચે પણ બાળકોના ઉછેરની જવાબદારી પ્રેમીલાબહેને પોતાના શિરે જ રાખી હતી. જો કે હવે બાળકો યુવાનીના એ સ્તરે પહોંચ્યા હતાં જ્યાં હવે એમનો ખ્યાલ રાખવાની અને ઘરની સાવ નહીવત જવાબદારીઓ નિભાવવી પડતી હતી.

લમણે લીંપાતી જતી સફેદી હવે ઉંમરની ચાડી ખાતી હતી. પ્રેમીલાબહેન જેવાં કામગરા વ્યક્તિને ગૃહસ્થીમાં આવેલી નવરાશ અકળાવતી હતી. પ્રેમીલાએ ક્યારેક કહેલી વાત કિશોરભાઈની સ્મૃતિમાં તો હતી જ કે, ગૃહસ્થીમાંથી જયારે પણ એને નવરાશ મળશે ત્યારે એ પોતાનો સમય કોઈક એવી સંસ્થામાં વિતાવશે જેમાં પરિવારથી તરછોડાયેલાં બાળકો, ત્યકતાઓ, સંતાનોને પળોજણ લાગતા મા-બાપ અને કોઈક નરાધમોના પાપે ચૂંથાઈ ગયેલ યુવતીઓનો એ સંસ્થા સહારો-આશ્રયસ્થાન બનતી હોય. ભગવાનનું આપેલું બધુંજ હતું એટલે કિશોરભાઈએ એ બધી સુવિધાઓને વાળી ‘આરંભક’ સંસ્થાનું નિર્માણ કર્યું. પ્રેમીલાબહેન બહુ ખુશ હતાં.


સંસ્થામાં એકાંતરે દિવસે ક્યાં તો કો’ક દીકરો-વહુ એકલા પડેલ મા કે બાપને છોડી જતાં, તો કદીક અર્ધી રાતે ત્યજાયેલા નોંધારા જીવનું સંસ્થાના આંગણે રુદન સંભળાતું. અહીં નરાધમોના હાથે પીંખાયેલાં પારેવડાંય આશ્રય લેતાં.

પ્રેમીલાબહેન અને એમનો ચુનંદો સ્ટાફ ખૂબ વ્હાલથી બધાંની કાળજી લેતાં. ‘આરંભક’માં આશ્રય લેતા વડીલો માટે સવારથી સાંજ એમને ગમે અને સમય જાય એવા કથા-સત્સંગ અને મનોરંજક પ્રોગ્રામો થતા. બાળકોને ભણવાની તમામ વ્યવસ્થા સંસ્થામાં જ હતી. તો વળી ત્યકતાઓને તેમની રૂચી પારખી એમને એવાજ કામોમાં પારંગત બનાવી નાના-નાના ઉદ્યોગો માટે એમને તૈયાર કરાતી. શારીરિક ક્ષતિગ્રસ્ત યુવતીઓનું મનોબળ વધારી તેમને સમાજનાં મુખ્ય પ્રવાહમાં જોડવામાં ‘આરંભક’નો મોટો ફાળો હતો.


પ્રેમીલાબહેન સવારે પૂજાપાઠ અને હળવો નાસ્તો કરી કાર્યાલયમાં આવી જતાં. રૂઆબદાર ચાલ, વચ્ચે પાંથી પાડીને ગૂંથેલો નીચો અંબોડો, ગુજરાતી ઢબમાં અત્યંત ચીવટથી પહેરેલી આર કરેલી કડક ઇસ્ત્રીટાઇટ સાડી, કપાળની મધ્યમાં મોટો મરુન ચાંદલો અને હોઠ પર મૃદુ હાસ્ય અને અતિપ્રસન્ન એમનો ચહેરો. આવો દબદબો હતો જાજરમાન પ્રેમીલાબહેનનો.











પ્રેમીલાબહેનને એમની મૂલ્યવાન સમાજસેવા માટે આ વર્ષે જ રાષ્ટ્રપતિના હાથે ચંદ્રક એનાયત થયો હતો. મોટો દીકરો ભણીને કિશોરભાઇના બિઝનેસમાં જોડાયો અને નાનો માસ્ટર્સ કરવા ઓસ્ટ્રેલિયા ગયો. ઉંમરનાં વધતા પડાવે હવે કિશોરભાઈ પણ થાક અનુભવતાં. શરીર ગળતું જતું હતું. કિશોરભાઈને આશ્વાસન હતું કે એમનો દિકરો એમણે પ્રસ્થપિત કરેલા સિદ્ધાંતો, નિયમો અને મૂલ્યો મુજબજ ધંધો ચલાવતો હતો. મોટાભાગે તેઓ ઘરેજ રહેતાં અને ઘરેથીજ નજર રાખતા.

પ્રેમીલાબહેન એકાંતરે દિવસે જ કાર્યાલયે આવતાં. પણ એ જયારે આવે ત્યારે સંસ્થાનું પ્રાંગણ ખીલી ઉઠતું. દરેક ઓરડે તેઓ ફરી વળતાં અને લગભગ બધાની ખબર અંતર લેતાં. આખા અઠવાડિયા દરમ્યાન દરેકને માટે રસોડે શું જમવાનું કે નાસ્તો બનશે તેની સ્પષ્ટ સુચનાઓ આપતાં. જો કે એ બધાં કરતાં એમનું સૌથી પ્રિય કામ તો હતું બગીચે છોડવાઓને પાણી પીવડાવવનું.

ક્યારેક ક્યારેક ફોનથી તેઓ અગાઉ સંસ્થામાં રહી અને હવે દુનિયાદારીમાં આગળ વધેલાં તમામની ખબરઅંતર પૂછતાં તો વળી એ દિવસે કોઈ નવું આવ્યું હોય તો તેની વ્યવસ્થા કરતાં.

તે દિવસે પણ એ હમણાંજ પરણાવેલ અમીના સાસરે ફોન કરી ખબર પૂછતાં હતાં ને અચાનક પ્રાંગણમાં ચહલપહલ અને ઘોંઘાટ વ્યાપી ગયો અને એ સાંભળીને એમણે ફોન અધવચ્ચે કાપી નાંખ્યો અને એ કાર્યાલયની બહાર આવ્યાં.

બે કોન્સ્ટેબલ પંદરેક વર્ષની એક બાળકીને લઈને આવ્યાં હતાં. સાવ લુખ્ખા વાળના ઝટીયા, ધૂળ અને આંસુથી રગદોળાયેલો ચહેરો, જ્યાંત્યાંથી ફાટેલાં એના કપડા અને પાછો એનો પહેરવેશ એ આદિવાસી છોકરી હોવાની ચાડી ખાતો હતો. હાથે વળગી રહેલાં અડધાં તૂટેલાં હાથના બલોયાં અને ઝપાઝપીમાં વાંકાં વળી ગયેલાં પગના કડલાં તેની સાથે થયેલી કરુણ હરકત બયાન કરતાં હતાં. લાલઘૂમ બરડા પર ઉઝરડા તથા નખોરિયા અને મારના સોળ હજુ ચીસતા હતાં. છોકરી પારેવડાની જેમ થરથર ધ્રુજતી હતી. કોન્સ્ટેબલ કે સંસ્થાનો આદમી જો એની નજીક જવાનીએ ચેષ્ટા કરે તો એ આખું આકાશ માથે લેતી. એણે હાથમાં હજુ કશીક તીક્ષ્ણ વસ્તુ ભીંસીને પકડી રાખી હતી.





પ્રેમીલાબહેને ધીરા પણ મક્કમ પગલાં પ્રાંગણમાં માંડ્યા. એમના ચહેરે મૃદુતા ભરેલ વહાલ આપોઆપ રેલાઈ ગયું. આંખના ઈશારે એમણે બધાને આઘા ખસવાનો આદેશ આપ્યો. સાવ સહેજતાથી એમણે પીડિતા છોકરીનો હાથ એમના હાથમાં લઇ બીજા હાથે એનો સોળથી ભરચક વાંસો વહાલથી પસવાર્યો. એની નજીક જઈ બેઠાં.

પછી ગભરું હરણ જેવી એ દીકરીના ગાલે હોઠે અને અધખુલ્લી છાતી પર દાંતના નિશાન જોયાં. પહેલીવાર પ્રેમિલાબહેનના જડબાં સખત થઈ ગયાં. આંખમાં ઉભરાયેલ ખારો દાવાનળ સત્તાવાહી અવાજે ગરજ્યો. "ક્યાંથી મળી તમને આ?"
કોન્સ્ટેબલે જવાબ આપ્યો,
"અહીંથી પંદર કિલોમીટરના અંતરે ખાડીમાં ખેતમજૂરની નજરે ચડી."

પ્રેમીલાબેને ફરી ડોકું ફેરવી કહ્યું: "પણ પહેરવેશે તો આ કોઈ દૂરના આદિવાસી કસ્બાની લાગે છે. શહેર અને ગામનાં સીમાડા સુધી એકલી વહુ દીકરીઓને આવવાં દે એવી જાતિના તો એ લોકો છે નહિ, તો પછી?"
એ જ કોન્સ્ટેબલે જરા નાટકીયા સ્વરે જવાબ આપ્યો,
"મેડમજી, કદાચ એ એવા કુંડાળામાં. કહોને કે રોંગ પ્લેસ એટ રોંગ ટાઈમ!"

અને એક વિકૃત હાસ્ય લીપાતું જોયું નાં જોયું, ને પ્રેમીલાબેનની આંખ સામેથી વીજળીવેગે રીલની માફક ૪૨ વર્ષ પસાર થઇ ગયાં. ૧૮ વર્ષની પ્રેમીલા પોતે, સાવ આવીજ અવસ્થામાં પોતાની નજર સમક્ષ તરવા લાગી. વિકૃતિથી ભરપુર દુર્ગંધી મોઢે બોલાયેલ શબ્દો: "રોંગ પ્લેસ એટ રોંગ ટાઈમ." એમના કાનમાં હથોડાની જેમ વાગવા લાગ્યાં. એ પોતે શું, એમની આજુબાજુમાં ઉભેલાં કોઈ પણ હજું કશું સમજે એ પહેલાં તો છોકરીની હથેળીમાં ભીંસાયેલ પેલું તીક્ષ્ણ કશુંક પ્રેમીલાબહેને ખુંચવી લીધું અને અદમ્ય ગુસ્સાથી પેલાં કોન્સ્ટેબલની છતીમાં ખૂંપાવી પણ દીધું, ને એ પણ એક વાર નહિ, સાત સાત વખત.

કોન્સ્ટેબલના નિષ્પ્રાણ શરીરની સાથે પ્રેમીલાબહેન ઢગલો થઇ પડ્યાં. લોહીથી ખરડાયેલા ચહેરે કંઇક અજીબ ખુમારીથી એ પેલી આદિવાસી બાળકીને ચિત્રવિચિત્ર શબ્દોએ આશ્વાસન આપી રહ્યાં.

# ગુલાબજળ

યાજ્ઞિક વઘાસિયા



**"વાદ ને સંવાદની ચર્ચા કરું કાગળ ઉપર; જીવ બળતો હોય ને ત્યારે ઠરું કાગળ ઉપર.**
**સાવ લીલા પાનથી ભીના થશે એ બીકથી, પાનખર કોરી લઈને પાથરું કાગળ ઉપર."**

આશિષનો એ રાત્રે અચાનક ફોન આવ્યો. હું 'સૌરાષ્ટ્ર એકપ્રેસ'માં હતો. અમદાવાદથી જામનગર જઈ રહ્યો હતો. મેં ઘડિયાળમાં જોયું. ઘડિયાળ એક પંચાવનનો સમય બતાવી રહી હતી. રાજકોટ સ્ટેશન ટ્રેન ક્રોસ કરી ગઈ હતી. જામનગર આવવાને હજી દોઢ કલાકની વાર હતી. મને ઊંઘ નહોતી આવતી અને હું મમ્મીએ પેક કરી આપેલા થેપલા, અથાણું અને રાજકોટ સ્ટેશનેથી લીધેલી અમુલ છાશ લઈને કાનમાં હેન્ડસ ફ્રી ભરાવીને સોંગ્સ સાંભળતો હતો. આશિષના ફોનથી હું વિચારમાં પડી ગયો.

"કેમ અત્યારે? શું થયું?"

"કાળુ ઓફ થઇ ગયો."

"કયો કાળુ? મનીષ? આપડો સાવલીયો?"

"હા..."

"કેમ કરતા?! કેમ અચાનક? મીન્સ શું થઇ ગયું અચાનક?"

"કીડની ફેઇલ્યર.... એક્યુટ..."

"પણ એમ કેમ?" મારો અવાજ રૂંધાઇ ગયો.

"તું ક્યાં છે?"

"હું જામનગર જાવ છું. રસ્તામાં છું. ટ્રેનમાં..."

"અહી આવી શકીશ? પરમ દિવસે બેસણું છે."

"આવી જ જઈશ. આવવાનું જ હોય ને. પણ એમ કેમ એ ઓફ થઇ ગયો?" હું હજી 'શોક્ડ' જ હતો.

"આવ તો ખરાં અહીંયા. મળે એટલે કહું બધું."

*****

મનીષ શ્યામવર્ણ. એટલે અમે એને 'કાળું' કહેતા. અમે અગિયાર અને બાર સાયન્સમાં સ્કૂલ અને ટયુશનમાં હતા. બહુ મસ્તી કરતા અમે એની. એના પપ્પા હીરા ઘસતા. મોટા ભાઈ-બહેન પણ ભણતા હતા. એટલે ઘરની આર્થિક પરિસ્થિતિ બહુ સારી નહોતી. આમ આમ તો એ હોશિયાર હતો. પણ ઘરના વાતાવરણને લીધે થોડો એ પ્રેશરમાં રહેતો.

આખો દિવસ અમે જોડે જ હોઈએ. આમ એ મારો એવો ખાસ દોસ્ત નહી. પણ આખો દિવસ સાથે હોવાથી સ્વાભાવિક રીતે જ એક પ્રકારનો તાર બંધાઈ જાય. તમે એમ પણ ના કહી શકો કે, 'એ મારો દોસ્ત નથી'. ને સ્કૂલમાં તો બધા મિત્રો જ હોય. લડાઈ-ઝઘડા અને મતભેદ-મનભેદ તો સ્કૂલ પૂરી થઇ ગયા પછીનું કલ્ચર છે. સ્કૂલમાં એવી કોઈ લપ હોતી જ નથી.












મેં, આશિષ અને કૌશિકે મેડીકલ કોલેજમાં એડમીશન લઇ લીધું. અમુક મિત્રોએ ફાર્મસીમાં લીધું, ને અમુકે બી.એસ.સી. માં. કાળું એમ તો હોશિયાર હતો, પણ ધાર્યા પ્રમાણે એને મેડીકલ કોલેજમાં એડમીશન ના મળતા, એની મોટી બેન, કે જે બરોડા મેડીકલ કોલેજમાં ફાઈનલ યરમાં હતી, એના દબાવથી એણે બાર સાયન્સ રીપીટ કરવાનું નક્કી કર્યું. ત્યારે જ બોર્ડનો નવો નિયમ આવ્યો. સેમેસ્ટર પદ્ધતિની શરૂઆત થઇ અને ‘NEET’ને આધારે આગળ એડમીશન થશે, એવું નક્કી થયું. બધાએ મોંઘા ભાવના ટ્યુશન્સ પણ રખાવી દીધા. બસ ત્યાં સુધી મનીષનો કોન્ટેક્ટ હતો. જામનગર હોસ્ટેલમાં જ રહું છું અને એથી અમદાવાદ ઘણું ઓછું જવાનું થાય છે.

*****


જામનગર રેલવે સ્ટેશન આવ્યું, ત્યારે સાડા ત્રણ વાગ્યા હતા. હું રીક્ષા કરીને હોસ્ટેલ આવ્યો. ઊંઘ આવી નહી. સવારે સાત વાગ્યાની બસ હતી. પથારીમાં પડ્યો રહ્યો એમને એમ. બપોરે બે વાગ્યે પહોંચ્યો. જમીને આશિષને મળવા ગયો. ત્યાં પવન પણ હતો. મેં પૂછ્યું,

“હવે તો માંડીને વાત કર…”

આશિષે વાત શરુ કરી.

“કાળુએ રીપીટ કર્યું, એ તો તને ખબર જ છે. પછી એવું થયું કે, બોર્ડે જાહેર કર્યું કે, હવેથી GUJCET ના માર્ક કાઉન્ટ નહી થાય. એડમીશન NEET પર જ લેવાશે. હવે GUJCET અને NEET- બન્નેમાં આમ તો બેઝીકલી MCQ જ પુછાય. પણ NEET ના MCQ ની પેર્ટન અને કોર્સ અલગ પડે થોડો. કાળુએ NEET ની ફૂલ તૈયારી શરુ કરી નાખી અને એક્ઝામ આપી પણ ખરા. GUJCET ના માર્ક કાઉન્ટ થવાના નહોતા, બસ ખાલી લેવા ખાતર પરીક્ષા લેવાવાની હતી. એટલે કાળુએ GUJCET આપી નહી. ને છેલ્લે રીઝલ્ટ વખતે એવું ડીકલેર થયું કે, મેડીકલમાં એડમીશન NEET ને આધારે નહી, પણ GUJCET ને આધારે જ થશે. ને ફરીવાર કાળુ ભાંગી પડ્યો. NEET માં સારો સ્કોર હોવા છતાં મેડીકલમાં એડમીશન લેવાનું એનું અને એના ફેમિલીનું સપનું રગદોળાઈ ગયું, ને એને નાછૂટકે બી.એસ.સી.માં જ એડમીશન લેવું પડ્યું.”





"પછી એણે મારી જ કોલેજમાં એડમીશન લીધું લેવાથી મને એકવાર મળ્યો એ. મેં એને બોલાવ્યો. પણ એણે મને ઓળખવાની જ ના પાડી દીધી. બીજા આપણા કલાસવાળા આકાશ અને મોહિત હતા, એમને પણ એ ઓળખતો જ ના હોય, ને પહેલી વાર મળ્યો હોય એવું બિહેવ કરવા લાગ્યો. અમને થયું કે, હશે હવે. ટેમ્પરરી ડિપ્રેશન હશે. અમે કોલેજમાં એના સીનીયર થઈએ અને એ જુનીયર કહેવાય, એટલે એના મનમાં થોડુંક હશે એવું. થોડા ટાઈમમાં સારું થઇ જશે. પણ આવું ઘણો લાંબો ટાઈમ રહ્યું." પવને વાત ચાલુ રાખી.

"પછી?!"

"પછી અમને ખબર પડી કે, એની કોઈ સાઈક્યાટ્રીસ્ટ જોડે ટ્રીટમેન્ટ પણ ચાલે છે. લગભગ એક દોઢ વર્ષ ચાલી હશે. પણ અચાનક બે દિવસ પહેલા એ બહુ બીમાર થઇ ગયો, ને ડોકટરે એવું કીધું કે, દવાની સાઈડ ઈફેક્ટને લીધે એની બન્ને કીડની ફેઈલ થઇ ગઈ છે. ને બીજું કંઈ આગળ મેનેજમેન્ટ થાય, એ પહેલા તો..."

મારી આંખો થોડી ભીની થઇ ગઈ. હું વિચારતો રહ્યો કે, શું જિંદગી એટલી સસ્તી થઇ ગઈ છે?

બીજે દિવસે અમે એના બેસણામાં ગયા. બેસણું શેરીમાં ખુલ્લામાં રાખેલું. ઘરમાંથી એના મમ્મીનો રડવાનો અવાજ સંભળાતો હતો.

હમણાં જ એનો બર્થડે ગયો. ફેસબૂકમાં નોટીફીકેશન આવી. ઘડીભર એના પ્રોફાઇલને હું તાકી રહ્યો. હવે તો બસ એ ફેસબૂક પ્રોફાઈલ બનીને રહી ગયો છે. મેં એની વોલ પર બર્થડે વિશ પોસ્ટ કરી, રીપ્લાય નહી જ આવે એવી ખબર હતી છતાં.

મને તો આવા એક 'કાળુ'ની સ્ટોરી ખબર છે. ખબર નહી, બોર્ડના આવા નિર્ણયોથી આવા કેટલાય 'કાળુ'ની લાઈફ સાવ ધોળી થઇ ગઈ હશે.

તમારા ફેરકુદરડી જેવા વિચારોની ટ્રીગર દાબીને તમે આમ કોઈનો પણ જીવ કઈ રીતે લઇ શકો? કોઈ માબાપ પાસેથી તમે એમનું સંતાન અને કોઈ ભાઈ કે બહેન પાસેથી એમનો સાથીદાર કઈ રીતે છીનવી શકો?

આમ તો આ સત્યઘટના છે. બસ ખાલી પાત્રોના નામ બદલેલા છે. આ વાર્તા મારા એ દોસ્તને ડેડીકેટેડ કરું છું, જેની સાથે મારી જિંદગીના બે અમૂલ્ય વર્ષો જોડાયેલા છે અને બોર્ડના સતત ફેરફારો પામતા વાહિયાત નિર્ણયોને લીધે જેની જિંદગી ઓગણીસ વર્ષે જ સંકેલાઈ ગઈ છે.

હું આખી સીસ્ટમ બદલી શકું એમ તો નથી. પણ જો કોઈ પણ સીસ્ટમમાં બેઠેલો કોઈ પણ માણસ આ વાર્તા વાંચે અને સમજે કે, એમના એક ડીસીઝનની અસર કોના પર, અને કેટલી હદ સુધી થાય છે, તો મારા શબ્દો લેખે ગણાશે.

**SHUT DOWN** :

**શું ઉપર બેઠેલા લોકોને તળિયાના લોકોનો ક્યારેય વિચાર જ નહી આવતો હોય? એ લોકો પહેલેથી જ આવા અણસમજુ, બેપરવાહ અને નિર્દયી હશે કે પછી ત્યાં પહોંચીને એવા થઇ ગયા હશે? કોણ જાણે!**

(શીર્ષક-પંક્તિ : લક્ષ્મી ડોબરિયા)

# વિચાર-વંટોળ

રાજુલા શાહ



## એક શરુઆત

એને લાગ્યું કે કોઇ બે આંખો એને તાકી રહી છે. એ જાણે છે એ આંખના રંગને, આક્રોશને, એની તરલતાને અને આંખમા ફુટી નીકળેલા લાલ દોરાઓને.

હજુ તો ઘરના દરવાજે દીવો પ્રગટાવીને એ આવી હતી અંદર. થોડી વિખેરાઈ ગયેલી રંગોળીને એણે પાછી વ્યવસ્થિત કરી હતી. બારસાખની બાજુના બધા ગોખલામાં એણે દીવા પ્રગટાવ્યા હતા. આખુ આંગણુ ઝગમગ થયા કરતું હતું. અંદર આવતાની સાથે જ એને લાગ્યું કે બે આંખો એને તાકી રહી છે. વરસોથી પુછાયેલા સવાલનો એ જવાબ માંગી રહી છે જાણે. દીવાની રોશનીનું પ્રતિબિંબ એ બે આંખોમાં દેખાતુ નથી. કોરીધાર આંખો છે એ. એક વિચાર આવીને ઝબકી જાય છે એના મનમાં પણ તરત જ ખંખેરી નાખે છે. આજુબાજુ જોઇ લે છે. રખેને કોઇ વિચાર ભાળી જાય તો..! ને છતાયે બે વરસ પહેલાની દિવાળી એને હજુયે એટલી જ યાદ છે કે જાણે ગઈકાલની જ કોઇ ઘટના હોય.. આંખો મીંચાઇ ગઈ એની.


એક લાગણીભીનો સ્વર ક્યાય દુરથી એને સાદ પાડતો હતો જાણે..

“મા...એ મમ્મીઈઈ...”

એ સાદની મીઠાશ હજુયે એના કાનમાં ગુંજતી હતી. આ જ અવાજે એની સાથે કેટલીયે મીઠી મીઠી વાતો કરી હતી. અવાજની ખોટી ખીજ અને સાચી ચિંતા પણ એણે સાંભળી હતી. આ અવાજની મસ્તી પણ એણે અનુભવી હતી. પણ આજે એના કાનમાં આ જ અવાજનો આક્રોશ, પીડા, હતાશા, ડુમો વાગી રહ્યાં હતા જોર જોરથી. કાન બંધ કરી દીધા એણે, પણ પીડાને ક્યાં કોઇ રોકી શક્યું છે. અવાજ સાથે જાણે એક આખી જિંદગી એના ગળે વળગી પડી હોય એમ ગળુ રુંધાવા લાગ્યું એનું. ડુમો ભરાઈ આવ્યો એને, પણ રડવું એને જેમ ત્યારે ન'તું આવ્યું એમ આજે પણ ન આવ્યું તે ન જ આવ્યું.

આજે પણ યાદ હતું એને. એ દિવસ જ્યારે એની દીકરીએ પહેલીવાર પોતાને ગમતા પુરુષની વાત કહી હતી. ‘મને એક છોકરો ગમે છે’- એવું સાંભળીને જાણે એને બત્રીસ કોઠે દીવા થઈ ગયા હોય એમ કેવી હસીને ફુલાઇ ગઈ હતી પોતે; અને બીજી જ પળે જ્યારે સાંભળ્યું કે છોકરો પરજ્ઞાતિનો છે ત્યારે કેવી એક જ પળમાં એના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી એની. પોતાના જ સંતાનનો પ્રેમ પુરા પરિવાર માટે એક સમસ્યા બનીને રહી ગયો હતો. કેટલી રાતો બધાએ એકબીજાને સમજાવવામાં કાઢી હતી અને છેલ્લે એની દીકરી ન સમજી તે ન જ સમજી અને પરિવાર પણ ન જ સમજ્યો તે ન જ સમજ્યો.



. અને એ દિકરી પોતાની જિંદગી જીવવા એકલપંડે જ નીકળી પડી હતી. એ જ્યારે નીકળી ત્યારે પોતે એની આંખોમાં પણ ન'તી જોઇ શકી એ એને હજી સુધી યાદ છે. ને જ્યારે એણે પરાણે માથું ઉંચુ કરીને, પીઠ ફેરવીને જોયું ત્યારે એ જડમુળથી ધ્રુજી ઉઠી હતી. એ બે ભીની, લાલ આંખોની પીડા અને તરછોડાયાનો ભાવ એની આખી જિંદગી સુધી પીછો છોડવાના ન હતા. એને કેટલીયે વાર એમ થયું હતું કે એ માની લે એની દીકરીની વાતને. બધું કેટલું સરળ થઈ જાત. એને વિચાર આવતો કે જો હા પાડી હોત તો એની દિકરીની આંખો ભરપુર ખુશીથી છલકાઈ ગઈ હોત ને?! એ કેવી ખુશીની મારી પાગલ થઈને એને વળગી પડી હોત! પણ પોતે એને ખુશ થાવાનો એક મોકો પણ ન આપ્યો?! હું કોની સામે જીતી અને કોની સામે હારી? બધું જ સાચવવાની લ્હાયમાં એણે પોતાની જ દિકરીને આમ જ ખોઈ નાખી?

બે વરસ વીતી ગયા હતા. બધી જ હો-હા શમી ગઈ હતી. સમાજ બોલી બોલીને હવે ચુપ હતો. જોકે એ બધાને મોકો પણ પોતે જ આપ્યો હતો ને. એને થતું કે, જો પ્રેમથી સ્વીકાર કર્યો હોત તો કદાચ કોઇને પણ બોલવાનુ રહેત જ નહીં અને બોલે તો પણ શુ થઈ જવાનું હતું. આજે કોને યાદ છે? જે લોકોએ આવી આવીને પોતાના રોટલા શેક્યા હતા એમાથી કોણ આજે એની બાજુમાં ઉભુ છે? યાદ પણ હશે નહીં કોઇને. ખાલીપો તો પોતાને જ ભોગવવાનો છે અને કદાચ આખી જિંદગી. કોઇ એની પીડામાં ભાગ પડાવા આવવાનુ નથી. અને જેને પોતાની પીડાથી ફેર પડતો હતો એને એની જ પીડામા પોતે પણ ક્યાં સાથ આપ્યો હતો. એણે તો બસ પીડા આપી અને જાતે પોતાની પીડા પણ લીધી હતી. કાશ..! એકવાર મે દિલથી વિચાર્યુ હોત અને દિલનું માન્યું હોત.. પણ સાચો વિચાર હંમેશા ઘટના ઘટી જતા પછી જ આવતો હોય છે. પણ મોડુ તો ક્યારેય નથી થયુ હોતું ને?!

દિકરી વગરની દિવાળી એને છેક અંદર સુધી ખુંચી રહી હતી. બધું જ વ્યર્થ લાગતું હતું એને. એ લડાઇ, એ નકાર, એ પ્રતિષ્ઠા, એ સન્માન બધું જ. જ્યાં પ્રેમ ન હતો ત્યાં કદાચ આ બધું જ એક નામ બનીને રહી ગયું હતું એની જિંદગીમાં. એને પ્રેમનો સાચો અર્થ કદાચ આજે સમજાતો હતો. પ્રેમના પંથે જનાર વ્યક્તિ ક્યારેય ખોટો હતો નથી. એને ખબર હતી કે એની દિકરી ખુબ ખુશ છે. કાયમી સુખી તો કોઇ જ રહી શકતું નથી પણ હા, ખુશ તો દરેક વ્યક્તિ રહી શકે છે અને કોઇની ખુશી છીનવી લેવાનો અધિકાર આ દુનિયામાં કોઇને જ નથી.

અને એનો હાથ લંબાય છે મોબાઈલ તરફ. સ્ક્રોલ કરતાં કરતાં એને જડી જાય છે, એની દિકરીનું ખોવાયેલું સરનામું. ભીની આંખે પણ સ્મિતસહ એ નંબર ડાયલ કરે છે.

**બહારના દીવાઓ જાણે અચાનક જ વધુ જોરથી જ ટમટમવા લાગ્યા અને ઘર આખું એ રોશનીની જાહોજહાલીમાં ખીલી ઉઠ્યું.**

યાજ્ઞિક વઘાસિયા



# ઝેર જ ઝેરની દવા છે

**What doesn't kill you,**

**makes you stronger.**

**- Kelly Clarkson**

ચાણક્ય. અખંડ ભારતના પ્રણેતા. મહાન સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યને જેમણે શોધ્યો, તૈયાર કર્યો અને સમ્રાટ થવાને લાયક બનાવીને મગધની ગાદીએ બેસાડ્યો, એવા મહાન ગુરુ. કુટનીતિમાં એમનો કોઈ જોટો જડે એમ નથી. ચાણક્ય **'न भूतो, न भविष्यति'** છે. કેમ કે, મગધ જેવા વિશાળ સામ્રાજ્ય પર સત્તામાં મદહોશ બનેલા શક્તિશાળી રાજા ધનાનંદને હટાવી એક સાવ નવા ચહેરાને સ્થાપિત કરવો ને સિકંદર જેવા મહાન સમ્રાટ સામે લડત આપવી, એ કંઈ જેવું તેવું કામ નથી.

ચાણક્ય ચંદ્રગુપ્તને રોજ થોડું ઝેર એની જાણ વગર થોડી-થોડી માત્રામાં આપતા. જમવાની થાળીમાં પકવાનો જોડે જ એ ભેળવી દેતા. લોજીક એ હતું કે, ચંદ્રગુપ્ત આવડા મોટા સામ્રાજ્યનો માલિક હતો, એટલે એના દુશ્મનોનો કોઈ પાર નહોતો. મહેલમાં પણ અમુક ગદ્દાર હોય અને એ સમયની કોઈને મારવાની કોમન ટેકનીક ઝેર આપીને મારી નાખવાની હોવાથી ઝેર સામે લડી શકવાની તાકાત જોઈએ. 'ઝેર ઝેરને મારે છે' – એ ન્યાયે ચંદ્રગુપ્તના શરીરમાં ધીરે ધીરે કરીને એટલું ઝેર ભેગું થઇ ગયેલું કે, એને બીજા કોઈ ઝેરની અસર થાય એમ જ નહોતી.

કહેવાનું તાત્પર્ય એ છે કે, નાની નાની મુશ્કેલીઓથી જ માણસનું ઘડતર થાય છે અને જિંદગીમાં આગળ કંઇક મોટું ઘટી જાય, તો એ અગાઉથી ટેવાયેલો હોવાથી એને એ મુશ્કેલી એટલી મોટી લાગતી નથી, કે જેટલી એ છે. જરૂર છે બસ આપણે જાતે નક્કી કરેલા 'કમ્ફર્ટ ઝોન' ને ફાડીને-તોડીને બહાર આવવાની.

આ જ વાત રીલેશનશીપમાં પણ લાગુ પડે છે. એક એક્ઝામ્પલ આપું.


માનસીની જયારે કાર રસ્તા વચ્ચે અટકી પડે છે. નજીકમાં કોઈની હેલ્પ મળે, એવું લાગતું નથી. ગેરેજ થોડું દૂર છે. એ એના પતિ વિશાલને કૉલ કરે છે.

"વિશાલ, મારી કાર અચાનક બંધ પડી ગઈ છે, અને હું ફલાણી જગ્યાએ છું. તું જલ્દી આવી જા."

"હું આવી શકું એમ નથી. થોડો કામમાં છું. તું જાતે મેનેજ કરી લે ને ડાર્લિંગ. પ્લીઝ." વિશાલ ઠંડા કલેજે જવાબ આપે છે. પણ એની 'ઠંડાઈ' જોઇને માનસી ગરમ થઇ જાય છે. એની ઘણી જીદ પછી પણ, વિશાલ ત્યાં જતો નથી અને ઓફિસમાં નવરા બેઠા એ પોતાની ફેવરીટ ફિલ્મ જોવાનું ચાલુ રાખે છે. માનસી જાતે જ ગમે તેમ ગેરેજ પહોંચીને, મિકેનિકને એને બોલાવીને કાર ચાલુ કરાવે છે. પણ એનો ગુસ્સો હજી શાંત પડ્યો નથી.

.










પણ એનો અર્થ એ નથી કે, વિશાલ માટે માનસી કરતા એની ફેવરીટ ફિલ્મ વધુ અગત્યની છે કે એને ત્યાં જવાની આળસ આવે છે. એનું સીધું કારણ એ છે કે, જયારે કાર ખરાબ થઇ અને માનસીનો કૉલ આવ્યો, ત્યારે બપોરના ૧૨ વાગ્યા હતા. જો રાતના ૧૨ વાગ્યા હોત તો, બધા કામ પડતા મુકીને પણ એ માનસીની હેલ્પ કરવા માટે પહોંચી જાત. ને આમ માનસીને જાતે જ 'તકલીફ' આપવાનો બેનીફીટ એ છે કે, ઇન ફ્યુચર, જયારે પણ ફરીવાર આવી કોઈ પ્રોબ્લેમ આવશે માનસીની લાઈફમાં અને ત્યારે વિશાલની ગેરહાજરી હશે, ત્યારે એને એટલી હિંમત રહેશે કે, "હું આ જાતે હેન્ડલ કરી શકું એમ છું."

તમે તમારા પ્રિયપાત્રની 'કેર' કરતા હોઉં, એ અલગ વાત છે. પણ એ 'કેર' ના ભાગરૂપે તમે એની સામે આવતી દરેક મુશ્કેલીઓ, દરેક પ્રોબ્લેમ્સમાં જો દર વખત ઢાલ બનીને ઉભા રહો, તો એને એક 'ખરાબ' આદત પડી જશે, તમારી પાછળ ઉભું રહેવાની. તમે એને એના હાલ ઉપર છોડી દો, અને સિચ્યુએશન એની રીતે જ હેન્ડલ કરવા દો, તો એને શરૂઆતમાં તો એવું જ લાગશે કે, તમે સાવ બેદરકાર છો અને તમને એની કોઈ પડી જ નથી. પણ લાંબા ગાળે એ વાત એના માટે ફાયદાકારક છે. અમુક સમય એવો પણ આવે કદાચ. કે જયારે તમે એ પ્રોબ્લેમમાં હોય, અને તમે ત્યારે 'અવેઈલેબલ' રહી શકો એમ ના હોઉં, તો જાતે એ બધું હેન્ડલ કરી શકે.

પોતાના સંતાનો માટે પણ આ વાત લાગુ કરી જ શકાય ને. એમને પણ આપણે એ રીતે ઉછેરીએ કે, આપણી ગેરહાજરીમાં પણ એ અહીં સારી રીતે 'સર્વાઈવ' કરી શકે. એક સાથે કંઇક મોટું આવી પડે એ પહેલા, આમ 'છોટા પેકેટ'માં સતત ડોઝ આપવાથી એની 'ઇમ્યુનિટી' વધે છે.

કોઈ રોગ માટે દેવાતી રસીમાં પણ આ જ નિયમ લાગુ પડે છે. રોગ આપણી પર અસર કરે એ પહેલા જાતે જ એ રોગને નાના પ્રમાણમાં શરીરમાં દાખલ કરી, અગાઉથી જ રોગપ્રતિકારક શક્તિ ઉભી કરી દેવામાં આવે છે. બીજા શબ્દોમાં, શરીરને એના માટે તૈયાર કરી દેવામાં આવે છે.

કેમ કે, 'પડશે એવા દેવાશે' અને 'થશે ત્યારે જોયું જવાશે' – હંમેશા અસરકારક નથી.

**PACK UP**

**मंजिल तो हासिल कर ही लेंगे किसी दिन,**

**ठोकरे ज़हर तो नही, जो खा के मर जायेंगे |**

**- अज्ञात**

# Catalyst

અનંત ગોહિલ



ભારત ઉત્સવોનો દેશ છે. અહીંના લોકો કોઈપણ ફંકશન કે પર્વની કાગડોળે રાહ જોતા હોય છે અને બિનસાંપ્રદાયિકતા ખરા અર્થમાં ક્યાંય જોવા મળતી હોય તો એ આ ઉત્સવોમાં જ જોવા મળે છે, રથયાત્રાનું સ્વાગત મુસ્લિમ સમુદાય ભાવપૂર્વક કરે છે, એવી જ રીતે ઇદના શીરખુરમા અને બિરયાની હિંદુઓ જ વધુ આરોગતા હોય છે, ક્રિસમસ અને ન્યુ-યરનું સેલિબ્રેશન પણ બધા લોકો હળીમળીને જ કરે છે. એમાં પણ સોશિયલ મીડિયાની એન્ટ્રી થયા પછીથી વિવિધ ધર્મો તથા સંપ્રદાયોનો લોકો સાથેનો જે ‘ગેપ’ હતો એ વધુ ઓછો થયો છે. હા, મતભેદનું પ્રમાણ વધ્યું છે, કપટ તથા દગાનુ પ્રમાણ પણ પહેલા કરતા વધ્યું છે પણ વ્યક્તિઓનો નજીક આવવાનો ‘સ્કોપ’ વધ્યો છે.

હજુ હમણાં સુધી જ્યાં એક સિટીમાંથી બીજી કોઈ સિટીમાં જવું એ મોટી વાત ગણાતી, જયારે અત્યારે એક કન્ટ્રીમાંથી બીજી કન્ટ્રીમાં જવું સામાન્ય વાત ગણાય છે, માણસ એકબીજા સાથે વધુને વધુ ‘કનેક્ટ’ થઇ રહ્યો છે, રોજ એ અનેકોનેક નવા ચહેરા નિહાળી રહ્યો છે, એમની સાથે વાતો કરી રહ્યો છે અને વધુને વધુ આગળ વધી રહ્યો છે પણ જે એક ‘લાગણી’તત્વ હોવું જોઈએ એ ધીમે-ધીમે દુર થઇ રહ્યું છે, જે માણસો વધુ પડતા ‘સોશિયલ’ રહેતા હતા એ જ લોકો ફેમીલી-ફંક્શન કે સોશિયલ-ગેધરીંગમાં ‘ડિસકનેક્ટેડ’ ફીલ કરે છે.


ખાસ કરીને અત્યારના યુથની જ જો વાત કરીએ તો નાના હતા ત્યાં સુધી કોઈના લગ્નમાં કે સામાજિક-મેળાવડો હોય તો ત્યાં જવાનું આપણને ગમતું, એ જગ્યાને, ત્યાંના વાતાવરણને અને ફેમીલી-મેમ્બર્સની કંપનીને આપણે એન્જોય કરતા, આપણે સંપૂર્ણપણે એમાં કનેક્ટ થઇ શકતા, તેમાં જોડાઈ શકતા જયારે હવે આપણે સાથે જઈએ તો છીએ પણ ફેમિલીમાં જો ચાર મેમ્બર હોય તો એ ચાર-એ-ચાર મેમ્બર પોતપોતાના ‘મોબાઈલ-ફોન’માં ગેમ્સથી માંડીને વિવિધ સોશિયલ-સાઈટ્સ પર ડૂબેલા જોવા મળશે.

તો આ સોશિયલી ‘ડિટેચ’ થવાનું કારણ શું? જે વસ્તુ માટે આપણે ‘સોશિયલ-ગેધરીંગ’માં જવાનું પસંદ કરતા હતા એ જ વસ્તુ હવે આપણને પસંદ નથી પડી રહી. એનું એક કારણ જોઈએ તો વડીલો વડે થતી પૂછ-પરછ તથા લગ્નની વાતો પણ છે. એવું નથી કે આવી વાતો યુથને પસંદ નથી પણ વારંવાર થતી એકની એક વાત માણસને ચીડિયો કરી નાખે છે, આ અને આવી બીજી વાતોને લીધે પહેલા તો માણસ ‘સોશિયલ-ગેધરીંગ’માં આવવાનું જ ટાળે છે અને કોઈ કારણસર આવી પણ જાય તો ત્યાં બીજા કોઈને મળવાનું ટાળે છે, અને મોબાઈલ જેવો બેસ્ટ ઓપ્શન એના પાસેથી પહેલેથી જ હાજર હોય એટલે એને બીજું કંઈ કરવાપણું પણ નથી રહેતું.

.






બીજું કારણ જોઈએ તો એ છે કે દિવસે-દિવસે વધતી જતી લાગણીની ઉણપ! આપણે ઘણાને એવું કહેતા સાંભળ્યા હશે કે,'મને કોઈની કંઇ જ નથી પડી','મારે તો હું ભલો ને મારું કામ ભલું!' અને બીજું કંઈ કેટલુય. આ જે સ્વાર્થી સ્વભાવ છે તે ઉંમર તથા બીજા અનેક કારણોસર વધતો જાય છે જેની સીધી અસર આવા સામાજિક પ્રસંગોમાં પડે છે. લોકો આવા 'સોશિઅલ-ગેધરીંગ'માં જાય તો ખરા પણ માત્ર દેખાવ પૂરતા અથવા સબંધ સાચવવા પૂરતા પણ પેલો જે લાગણીસભર-ઉષ્માસભર વ્યવહાર હોય ને એ ગાયબ હોય છે.

જો આમને આમ જ ચાલતું રહ્યું તો પછી આવા પ્રસંગો માત્ર એક ફોર્માલીટી બનીને રહી જશે, સંવેદનોને દાબી દઈએ અને એને ઉત્પન્ન જ ન થવા દઈએ એ બન્નેમાં ઘણો ફરક છે, હાલ પુરતું તો આપણે આપણા ઈમોશન્સને દાબી દઈ રહ્યા છીએ- એને વ્યક્ત થતા અટકાવી રહ્યા છીએ પણ જો આમ ને આમ ચાલશે તો પછી આપણામાં એ ઈમોશન્સ રહેશે જ નહી- એ લાગણી'તત્વ' જ નહિ રહે જેનાથી આપણે આપણા અંગત લોકોથી જોડાયેલા રહેતા હતા.

અને જે મેઈન કારણ છે એ કારણ એટલે, 'લોકો શું કહેશે?'- આ વાક્ય ખરેખર ખતરનાક છે, આમાં ને આમાં કેટલાય લોકો પોતાની ક્ષમતાથી આગળ વધતા અટકી ગયા છે, કેટલાય લોકો ભવિષ્યના માંધાતા બની શકતા હતા એ નથી બની શક્યા એ આ જ પ્રશ્નને કારણે નથી બની શક્યા. કોઈપણ પ્રસંગમાં જતા પહેલાથી આપણા મગજમાં શરુ થઇ જશે કે, આ કપડા પહેરીને જઈશ તો, 'લોકો શું કહેશે?', પછી ત્યાં જઈને પણ ફલાણા-ઢીકણા મામા-માસીને પગે નહી લાગીએ તો, 'લોકો શું કહેશે?', હું કોઈની સાથે હસી-મજાકથી વાતો કરીશ તો, 'લોકો શું કહેશે?', અને આવા જ પ્રશ્નોને લીધે આપણે 'સોશિયલ ઈન્ટરેકશન' ટાળીએ છીએ.

આ બધું જોતા આ નવા વર્ષે એક સંકલ્પ એવો કરીએ કે જો કોઈને ભેટીએ તો પુરા દિલથી ભેટીએ, કોઈને આશીર્વાદ આપીએ તો પુરા દિલથી આપીએ, બીજાને સમજાવવાનો જેટલો આગ્રહ છે એટલો જ આગ્રહ આપણે પોતે સમજવાનો પણ રાખીએ, ફેમીલી સાથે વધુ ને વધુ સમય વિતાવીયે, અને એ ટાઇમે બની શકે તો મોબાઈલ તથા અન્ય ગેજેટ્સનો ઉપયોગ ટાળીએ, રોજ રાત્રે સુતા પહેલા દિવસ દરમિયાન બનેલી સારી વાતોને સંભારીએ અને અંતમાં રોજ વધુને વધુ ઉમદા, પ્રામાણિક તથા એક 'સત્ય' વ્યક્તિત્વ બનવાનો પ્રયાસ કરીએ.

**આફ્ટર-શોક**

**આ નવું વર્ષ આપણે 'નેપ્થેલીન'ની ગોળી જેવા બનીએ, બીજાના દુર્ગુણોને ખુદમાં સમાવીને બીજાને આપણી 'સુગંધ'થી મહેકાવીએ.**

તરુલતા મહેતા

## પ્રેમ એટલે પ્રેમ

રેખા મારી કોલેજની સખી હતી, આનંદી સ્વભાવની અને સ્વતંત્ર-બિંદાસ. કોલેજમાં તેના ઘણા મિત્રો હતા. સુરેશ સાથે પણ એ ફરતી. સુરેશની સગાઈ જયા સાથે થઈ હતી. સુરેશ અને જયાના કુંટુંબોનો સારો મનમેળ હતો. તેમના લગ્નની કંકોત્રીઓ પણ તૈયાર થઈ ગઈ હતી. એક દિવસ રેખા અને સુરેશે આપમેળે કોર્ટમાં લગ્ન નોંધાવી દીધા. તેમના લગ્ન કોઈને પસંદ નહોતા. કોલેજમાં પણ અમને સોને નવાઇ લાગી હતી. ત્યારપછી જયા ચૂપચાપ અમદાવાદથી દૂર એની ફોઇને ત્યાં પોંડીચેરી જતી રહી. રેખા અને સુરેશ અમેરિકામાં સ્થાયી થયાં.

દશેક વર્ષ પછી હું અને મારા પતિ વિનય ભારતથી બાલ્ટીમોરમાં આવ્યાં, ત્યારે રેખા અને સુરેશ સાથે અમારી મૈત્રી જામી. પાર્ટીમાં ખૂબ મજા કરતા, કોલેજની જૂની વાતો યાદ કરી મજાક-મશ્કરી કરતા. બંને જણા એવા ખુશખુશાલ અને પ્રેમમાં મસ્ત કે અમને બે ઘડી ઈર્ષ્યા થતી.

સમયની પાંખે ઉડી અમારા બાળકો કોલેજમાં ભણવા ગયા. રેખાનો દીકરો ભારતની કોઈક મેડીકલ કોલેજમાં ગયો અને રેખા અને સુરેશ પણ કંપનીના કામે પાંચ વર્ષ માટે અમદાવાદ ગયા.

ભારતથી આવ્યા પછી રેખા ખૂબ બદલાયેલી હતી. જાણે એણે કંઇક મહામૂલું ગુમાવી દીધું હતું. સુરેશ પણ પહેલા જેવો નહોતો. એમ લાગતું હતું કે એ લાચાર હતો. એક દિવસ અમે એમને જમવા બોલાવ્યાં.

જમવાનું પતાવી અમે બેઠકરૂમમાં ગયા.

વિનયે મજાક કરતા કહ્યું, “તમે બંને દાદા-દાદી જેવાં બની ગયાં.”

મેં રેખાને હસીને કહ્યું, “તારે હજી દીકરાને પરણાવવાનો છે.”

રેખા બોલી, “એનું નસીબ હશે તેમ થશે.”

મને વિસ્મય થયુ કે પ્રેમલગ્નથી સુખી રેખા શું નસીબમાં માનતી થઈ ગઈ? રેખા સુરેશ પાસેથી ઉઠી મારી પાસે આવીને બેઠી. પણ મને થયું કે એ બીજી જ દુનિયામાં ખોવાઈ ગઈ છે. મેં એનો હાથ મારા હાથમાં રાખી વાત ચાલુ રાખી,

“રેખા, ભારત રહેવાનું કેવું લાગ્યું? તમારા બંનેની તબિયત કેવી રહી હતી?”

રેખાના મનની સ્થિતિ તોફાનમાં ફસાયેલી નાવ જેવી હતી. એ કંપતા અને ડૂબતા ધીરા અવાજે બોલી,

“મારી સમજણ બહારનું બની ગયું. હું મૂરખ અને સ્વાર્થી હતી. સાચું કહું તો સુરેશ ઉપર મારો કોઈ અધિકાર નથી.”


સુરેશનો અવાજ ભાવભીનો થઈ ગયો, “આવું ના બોલ રેખા. તેં મારે માટે કેટલો ભોગ આપ્યો છે!”


રેખાનું મન ડંખતું હતું એના કહેવામાં. ઊંડી વેદના ઊભરાઇ આવી. તે મનોમન કોસતી હોય તેમ બોલી,

“હું તો ધૂળ છું.”

અમે વિસ્મય અને દુ:ખથી તેઓની વાત સાંભળતા હતાં મેં કહ્યું, “પ્લીઝ. અમને દિલ ખોલીને વાત કરો.”

રેખા એની અંદરના ધરતીકંપથી મારા ખભે તૂટી પડી. મેં એની પીઠે હાથ ફેરવ્યા કર્યો. કોઈ આઘાતની કળ વળી હોય તેમ એ બોલી,



"અમે ભારત ગયા પછી સુરેશની અમદાવાદની ઓફિસનું કામ વધી ગયું. ઓફિસના કામે બહારગામ જવાનું થતું. એને ડાયાબીટીસ ઘણા વખતથી હતો. કામનો બોજો, ત્યાંની બદલાયેલી દવા અને ખોરાકમાં ફેરફારથી સુગરનું પ્રમાણ લોહીમાં વધી ગયું. એ ઓફીસનાં કામે મુંબઈ ગયેલો ત્યારે બેભાન થઈ ગયેલો. એને મુંબઈની હોસ્પિટલમાં દાખલ કર્યો. ચારેક દિવસ પછી નડિયાદની કીડની હોસ્પીટલમાં લાવ્યા. અનેક ટેસ્ટ થયા. અંતે નિદાન થયું કે ડાયાબીટીસ અને કિડનીના ઇન્ફેકશનને કારણે બન્ને કીડની કામ કરતી બંધ થઇ ગઈ છે."

સુરેશ રેખાને કહે, "મેં તને સમજાવેલું કે અમેરિકા પાછા પહોંચી જઈએ. તું માની નહિ."

રેખા મક્કમપણે બોલી, "આપણાં દીકરા સમીરે ભારપૂર્વક કહ્યું હતું કે, અમેરિકામાં કીડની નહિ મળે."

મેં પૂછ્યું, "સુરેશને કેટલો વખત કીડની માટે રાહ જોવી પડી?"

રેખાના અવાજમાં હતાશા ઉભરાઈ ગઈ. તે બોલી, "ચાર મહિના સુરેશને ડાયાલીસીસ પર રાખ્યો. કીડની મળે, પણ મેચ જ થાય નહી."

હું અને મારા પતિ અધ્ધર શ્વાસે રેખાની વાત સાંભળી રહ્યા.

"એક દિવસ રાત્રે હોસ્પીટલમાં સુરેશના બેડ પાસેની ખુરશીમાં ડોક્ટરની રાહ જોતી હતી. મારા માથાની નસોમાં વિચારોના વીંછી કરડતા હતા. સુરેશનો માંદલો, ફિક્કો ચહેરો જોઈ થયું કે, હું જીવનમાં હારી ગઈ. મારો પ્રેમ સુરેશને નહી બચાવી શકે. બધી સફળતા, કમાણી બધું પાણીમાં ગયું. ડોકટર કયારે રૂમમાં આવ્યા તેની મને જાણ થઇ નહી. તેમણે મારે ખભે હળવેથી હાથ મૂકી કહ્યું કે, 'રેખાબેન, ખુશખબર છે. કીડની મળી ગઈ છે. ચાર દિવસ પછી ટ્રાન્સપ્લાટ થઇ જશે. કીડની-દાતા માટે દસ લાખ રૂપિયાની સગવડ રાખશો.'

સુરેશને સારું થયું પછી દાતાનો ચેક અને આભારનું કાર્ડ લઇ અમે ડોકટરની ઓફિસમાં ગયાં. ડોકટરે અમને આવકારી કહ્યું, 'તમે નસીબદાર છો. દાતાએ મૂલ્ય લેવાની ના પાડી છે. આવું તો સગપણ વગર બને તેવું અમે જોયું નથી. તમારી ભાવના હોય તો કીડની હોસ્પિટલને દાન કરી શકો છો. આભારનું કાર્ડ અમે રવાના કરી દેશું.'

મેં કહ્યું કે, અમારે તેમને મળવું છે. નામ અને એમની વિગત આપો. એમણે કહ્યું કે, દાતાએ બધું ખાનગી રાખવા જણાવ્યું છે. દાતાની ઈચ્છા અમારે રાખવી પડે.

ડોકટરને ચેક અને કાર્ડ આપી ઓફિસની બહાર આવ્યા ત્યારે લઘુતા મહેસૂસ કરી. એમ થયું કે, દાતાની ઉદારતા અને ભાવના આગળ અમે ધુળ જેવાં હતાં, એવું કોણ હશે?

હોસ્પીટલના દરવાજે ગયા પછી યાદ આવ્યું કે, સુરેશનો મેડીકલનો રીપોર્ટ ડોકટરના ટેબલ પર ભૂલી ગયા છીએ. અમે ઓફિસમાં ગયા. ડોકટર અંદર જતા રહ્યા હતા, પણ એમનો અવાજ અમે સાંભળ્યો કે, આ ચેક દાતાની યાદીમાં રાખજો અને આ કાર્ડ જયાબેનના સરનામે મોકલી દેશો."

રેખા અને સુરેશની વાત પૂરી થઇ.

ખરેખર, 'પ્રેમ એટલે પ્રેમ'.

‘પંખ’ની
ઉડાનમાં
સહભાગી પાંખો

યાજ્ઞિક વઘાસિયા
મનોરી શાહ
અનંત ગોહિલ
વિરલ જોશી
કેયુર દુધાત

સહૃદય આભાર

નિમેષ પરમાર
નિકેતા વ્યાસ
મીરા જોશી
રાજુલા શાહ
અર્પિત કાસ્તા
તરુલતા મહેતા

અમારી સાથે ઉડવાના આકાશી માર્ગો

pankhemagazine@gmail.com

http://www.facebook.com/pankhemagazine

+૯૧ ૯૯૦૪૯૧૮૧૬૮

https://twitter.com/pankh_emagazine

